# આત્મધર્મ

માસિક : વર્ષ-૨ * અંક-૬ * ફેબ્રુઆરી-૨૦૦૮



'ભગવાન્ જાણનાર છે તેમ હું પણ જાણનાર છું' એમ ત્રિકાળી જાણનાર ઉપર દૃષ્ટિ છે તે જે સમયે જે પર્યાય થાય તેનો જાણનાર રહેશે.

—પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ યે રાગાદિભાવ મનકો કભી તો મૂઢ કરતે હૈં, કભી ભ્રમરૂપ કરતે હૈં, કભી ભયભીત કરતે હૈં, કભી રોગોંસે ચલાયમાન કરતે હૈં, કભી શંકિત કરતે હૈં, કભી ક્લેશરૂપ કરતે હૈં, ઇત્યાદિ પ્રકારસે સ્થિરતાસે ડિગા દેતે હૈં. ૧૦૧૪.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૩, શ્લોક-૭)*

❀ મરણપર્યંત દુઃખ પ્રાપ્ત થવા છતાં જે જીવ સમ્યક્ત્વને નથી છોડતાં તેની પાસે ઇન્દ્ર પણ પોતાની ઋદ્ધિના વિસ્તારની નિંદા કરતો થકો તેને પ્રણામ કરે છે. ૧૦૧૫. *(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૮૬)*

❀ જો તીવ્ર તપકો કિયા જાવે તો વહ તપ સમ્યગ્દર્શન સહિત શુદ્ધ કહલાયેગા પરંતુ યદિ મિથ્યાત્વ સહિત હૈ તો વહ તપ અશુદ્ધ કહા જાયેગા ક્યોંકિ વહ આત્માકી ઓર દૃષ્ટિ ન રખતા હુઆ પર પુદ્‌ગલકી ઔર દૃષ્ટિ લગાએ રહતા હૈ ઇસસે મદ હો જાતા હૈ. પર પૌદ્‌ગલિક પર્યાયમે રત હોનેસે દુઃખકા બીજ હી બોતા હૈ. ૧૦૧૬. *(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૧૬૨)*

❀ સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે કારણ કે તે (સમ્યગ્દૃષ્ટિ જીવ) સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે 'આ સ્વ છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે) અને આ પર છે' એવો ભેદ પરમાર્થે જાણીને સ્વમાં રહે છે અને પરથી—રાગના યોગથી—સર્વ પ્રકારે વિરમે છે. (આ રીતે જ્ઞાન-વૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ.) ૧૦૧૭ *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૩૬)*

❀ અધ્યાત્મશાસ્ત્રરૂપી અમૃતસમુદ્રમાંથી મેં જે સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી છે તે (રત્નમાળા) મુક્તિવધૂના વલ્લભ એવા તત્ત્વજ્ઞાનીઓના સુકંઠનું આભૂષણ બની છે. ૧૦૧૮. *(શ્રી પદ્મપ્રભમલધારી દેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૮૦)*

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

વર્ષ-૨
અંક-૬

સંવત
૨૦૬૪
February
A.D. 2008



આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# કારણશુદ્ધપર્યાય

## ભાવના અને તેનું ફળ

[શ્રી 'નિયમસાર' ગાથા ૧૧-૧૨ તથા તેની ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં. ૯)

ગાથા ૧૧-૧૨ની ટીકામાં 'બ્રહ્મોપદેશ' કરીને શ્રી પદ્મપ્રભમુનિરાજે આત્માનો પરમ-જ્ઞાનસ્વભાવ બતાવ્યો અને એવા સહજચૈતન્યવિલાસરૂપે આત્માની ભાવના કરવાનું કહ્યું.

આવી આત્મભાવનાનો વિશેષ પ્રમોદ આવતાં હવે મુનિરાજ પાંચ કળશ (શ્લોક) કહીને તે આત્મભાવનાનું ફળ તેમજ તેનો મહિમા બતાવે છે.

હે ભવ્ય જીવો! જ્ઞાનના પ્રકારો જાણીને તમે ભેદજ્ઞાન પ્રગટ કરો. સમસ્ત શુભ–અશુભને સંસારનું કારણ જાણીને અત્યંપણે છોડો ને સહજજ્ઞાનસ્વભાવની ભાવના કરો. જ્ઞાનસ્વભાવની ભાવના વડે પુણ્ય-પાપથી ઉપર જતાં એટલે કે સમસ્ત શુભાશુભથી દૂર જઈને અંતરૂસ્વરૂપમાં ઠરતાં ભવ્યજીવ પરિપૂર્ણ શાશ્વત સુખને પામે છે. સહજજ્ઞાનસ્વરૂપ આત્માની ભાવનાનું આ ફળ છે.

જુઓ! આ ધ્રુવપદ પામવાનો ઉપાય! અન્ય લોકોમાં કહેવાય છે કે ભગવાને ધ્રુવને ધ્રુવપદ આપ્યું. અહીં ધ્રુવપદનો દાતાર બીજો કોઈ ભગવાન નથી પરંતુ ધ્રુવ એવો ભગવાન કારણપરમાત્મા, તેનું ધ્યાન કરતાં તે પોતે પોતાને ધ્રુવપદ (–મોક્ષ પદ) આપે છે. માટે, બુધપુરુષોએ અંતરમાં આનંદથી ભરપૂર એવો જ્ઞાનસ્વરૂપ આત્માને ભાવવો.

જ્ઞાનના ઘણા ભેદો કહ્યા...તેને જાણીને શું કરવું?–કે ભેદના અવલંબનમાં ન અટકવું. જ્ઞાનના ક્ષણિક ભેદો જેટલો આત્મા નથી, આત્મા ત્રિકાળી સહજજ્ઞાનસ્વરૂપે છે. એમ જાણીને તેવા સહજજ્ઞાનસ્વરૂપે આત્માને ભાવવાથી અપૂર્વ ભેદજ્ઞાન થાય છે ને સંસારનું મૂળ છેદાઈ જાય છે.

શુભકાર્યને પણ અહીં સંસારનું મૂળ કહ્યું છે. તે શુભમાં રહીને મોક્ષસુખ નથી પમાતું. શુભને ઓળંગી મોક્ષસુખ પમાય છે. માટે, શુભાશુભથી પાર એવા ચૈતન્યસ્વરૂપે આત્માને ભાવવો.

એ રીતે ભેદજ્ઞાન વડે આત્માની ભાવના કરતાં મોહ નિર્મૂળ થઈને કેવળજ્યોતિ પ્રગટે છે. શ્રી મુનિરાજ બહુમાનથી કહે છે કે અહો! ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદનીય છે ને જગતને મંગળરૂપ છે.

જુઓ! આ કેવળજ્ઞાનનો મહિમા! ભેદજ્ઞાનરૂપી વૃક્ષને આત્માની ભાવનારૂપી પાણી પાતાં પાતાં આ કેવળજ્ઞાનરૂપી ફળ પાક્યાં. આ કેવળજ્ઞાન આત્માને તો મંગળરૂપ છે અને જગતને પણ તે મંગળરૂપ છે કેમકે જગતના જે કોઈ જીવો આવા કેવળજ્ઞાનનું સ્વરૂપ લક્ષમાં લે છે તે જીવોનું જ્ઞાન રાગથી ભિન્ન થઈને જ્ઞાનસ્વભાવમાં પહોંચી જાય છે ને જ્ઞાનસ્વભાવના આશ્રયે તેઓને ભેદજ્ઞાનરૂપ અપૂર્વ મંગળ પ્રગટે છે. આ રીતે કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત જગતને મંગળરૂપ છે, વંદ્ય છે, પૂજ્ય છે, આદરણીય છે.

હવે, કેવળજ્ઞાનરૂપ કાર્યની સાથે તેના કારણને પણ યાદ કરીને કહે છે કે સહજજ્ઞાન મોક્ષમાં જયવંત વર્તે છે. મોક્ષદશામાં કેવળજ્ઞાન તો જયવંત વર્તે છે ને તેની સાથે તેના કારણરૂપ એવું સહજજ્ઞાન પણ જયવંત વર્તે છે.

કાર્ય અને કારણને સાથે સાથે જ વર્ણવવા તે આ ટીકાકારની ખાસ શૈલી છે. એમાં માર્ગ અને માર્ગફળ બંને બતાવી દીધા. કઈ રીતે?–કે સહજજ્ઞાનસ્વરૂપની ભાવના કરવાનું કહ્યું તે 'માર્ગ' છે અને કેવળજ્ઞાન પ્રગટ્યું તે માર્ગનું 'ફળ' છે.

જ્ઞાન કેવું છે?–કે આનંદમાં ફેલાવવાળું છે. કેવળજ્ઞાન સંપૂર્ણ આનંદમાં ફેલાવવાળું છે અને સહજજ્ઞાન ત્રિકાળ આનંદમાં ફેલાવવાળું છે. સાધકનું સમ્યગ્જ્ઞાન પણ અંશે આનંદમાં ફેલાવવાળું છે. આ રીતે જ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદ હોય છે તે બતાવ્યું.

જે જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદનું વેદન ન થાય તે જ્ઞાન ખરેખર જ્ઞાન નથી પણ અજ્ઞાન છે.

જ્ઞાનના અનેક પ્રકારો વગેરેને જાણીને શું કરવું? (તો) શ્રી મુનિરાજ કહે છે કે "સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે એવા શુદ્ધ ચૈતન્યમય મારા આત્માને જાણીને હું નિર્વિકલ્પ થાઉં (છું.)"—બસ! આ કરવાનું છે.

આ રીતે જીવના જ્ઞાનોપયોગ સંબંધી વર્ણન પૂરું થયું. હવે, ૧૩મી ગાથામાં દર્શનોપયોગના પ્રકારો કહેશે.

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યરચિત 'નિયમસાર' શાસ્ત્રનો જીવ અધિકાર વંચાય છે. જીવ ઉપયોગસ્વરૂપ છે. તે ઉપયોગ જ્ઞાન અને દર્શન એવા બે ભેદવાળો છે. તેમાંથી જ્ઞાનોપયોગના પ્રકારોનું વર્ણન ગાથા ૧૦, ૧૧, ૧૨માં કર્યું. હવે, ૧૩મી ગાથામાં દર્શનોપયોગના પ્રકારોનું વર્ણન કરે છે :

तह दंसनउवओगो ससहावेदरवियप्पवदो दुविहो।
केवलमिंदियरहियं असहायं तं सहावमिदि भणिदं ॥१३॥

ઉપયોગ દર્શનનો સ્વભાવ–વિભાવરૂપ દ્વિવિધ છે;
અસહાય, ઈન્દ્રિયવિહીન, કેવળ તે સ્વભાવ કહેલ છે. ૧૩.

જેવી રીતે જ્ઞાનોપયોગ સ્વભાવ અને વિભાવ એમ બે પ્રકારનો કહ્યો તેવી રીતે દર્શનોપયોગ પણ સ્વભાવરૂપ અને વિભાવરૂપ એમ બે પ્રકારનો છે. જે કેવળ, ઈન્દ્રિયરહિત અને અસહાય છે તે સ્વભાવ દર્શનોપયોગ છે.

ચૈતન્યઅનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે. જ્ઞાનની જેમ આ દર્શનોપયોગ પણ ચૈતન્યને જ અનુસરનારો છે.

ટીકાકારે જેમ સ્વભાવજ્ઞાનમાં 'કારણ' અને 'કાર્ય' એમ બે પ્રકારો વર્ણવ્યા હતા તેમ આ સ્વભાવદર્શનમાં પણ 'કારણ' અને 'કાર્ય' એમ બે પ્રકારનું વર્ણન કરે છે.

આ શાસ્ત્રમાં 'નિયમસાર' એટલે કે નિયમથી ચોક્કસ કરવાયોગ્ય એવા શુદ્ધરત્નત્રયરૂપી 'કાર્ય'નું પ્રતિપાદન છે. તેથી, ટીકાકારે તે 'કાર્ય'ની સાથે સાથે તેના 'નિકટવર્તી કારણ'નું પણ વર્ણન કર્યું છે. આ રીતે 'કાર્ય'નું 'કારણ' બતાવીને એકદમ અંતર્મુખતા કરાવી છે ને બાહ્યકારણના અવલંબનની બુદ્ધિ છોડાવી છે.

સ્વભાવદર્શનોપયોગ બે પ્રકારનો છે : (૧) કારણસ્વભાવદર્શનોપયોગ

(૨) કાર્યસ્વભાવદર્શનોપયોગ. તેમાંથી કાર્યસ્વભાવરૂપ કેવળદર્શન તો તેરમા ગુણસ્થાને નવું પ્રગટે છે અને કારણસ્વભાવરૂપ દર્શન ત્રિકાળ છે.

હવે, અહીં ટીકામાં કારણસ્વભાવદર્શનોપયોગને બદલે 'કારણદૃષ્ટિ' કહીને 'સ્વરૂપશ્રદ્ધાન' તરીકે વર્ણવે છે.

કેવી છે 'કારણદૃષ્ટિ'?–કે શુદ્ધાત્માના સ્વરૂપશ્રદ્ધાનમાત્ર છે. સ્વરૂપશ્રદ્ધાનપણે આ કારણદૃષ્ટિ ત્રિકાળ છે. આ સ્વરૂપશ્રદ્ધાન તે સમ્યક્શ્રદ્ધાનું કારણ છે.

જેમ ૧૧-૧૨ ગાથામાં કારણસ્વભાવજ્ઞાનોપયોગ ને 'સ્વરૂપપ્રત્યક્ષ' કહ્યો હતો તેમ અહીં કારણસ્વભાવદૃષ્ટિને 'સ્વરૂપશ્રદ્ધાનમાત્ર' કહી છે. આ સ્વરૂપશ્રદ્ધાન ત્રિકાળ છે, તેના આશ્રયે સમ્યક્શ્રદ્ધાન નવું પ્રગટે છે.

હવે, શ્રદ્ધા કોને શ્રદ્ધે છે તે અહીં બતાવે છે. કારણસમયસારસ્વરૂપ આત્મા કે જે સદા પાવનરૂપ છે, ઔદયિકાદિ ચાર ભાવોથી અગોચર સહજ પરમપારિણામિક-સ્વભાવરૂપ છે, સદા નિરાવરણ છે, નિજ સ્વભાવસત્તામાત્ર છે, પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે, અકૃત્રિમ પરમ સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિમય શુદ્ધ ચારિત્રસ્વરૂપ છે, નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે અને સમસ્ત વિભાવભાવોના નાશનું કારણ છે એવા આત્માને શ્રદ્ધા સ્વીકારે છે. કારણરૂપ એવી સ્વરૂપશ્રદ્ધામાં તો આવા આત્માને શ્રદ્ધવાનું ત્રિકાળ સામર્થ્ય છે ને તેમાંથી થતી સમ્યક્શ્રદ્ધારૂપ પર્યાય આવા આત્માને શ્રદ્ધવાનું કાર્ય કરે છે.

અહીં વર્ણન તો દર્શનોપયોગનું ચાલે છે પણ દર્શનની (–સામાન્ય પ્રતિભાસની) જેમ શ્રદ્ધા પણ નિર્વિકલ્પ હોવાથી અને 'નિયમ'માં (એટલે કે મોક્ષમાર્ગમાં) તે જરૂર કર્તવ્ય હોવાથી ટીકાકાર મુનિરાજે શ્રદ્ધાનું વર્ણન લીધું છે.

કારણદૃષ્ટિ અર્થાત્ સ્વરૂપશ્રદ્ધા તેના આશ્રયે સમ્યગ્દર્શનરૂપી કાર્ય થાય છે—આમ કહ્યું તેથી એમ ન સમજવું કે એક શ્રદ્ધા જુદી પાડીને તેનો આશ્રય થાય છે. એક શ્રદ્ધાનો ભેદ પાડીને તેનો આશ્રય નથી થતો પરંતુ પરમપારિણામિકસ્વભાવની ચિદાનંદસ્વભાવના સેવનમાં સમ્યગ્દર્શનના કારણનું પણ ભેગું જ સેવન આવી જાય છે ને તે કારણમાંથી નિર્મળ કાર્ય પ્રગટી જાય છે. આ રીતે નિર્મળ શ્રદ્ધારૂપી કાર્ય પ્રગટવાનું કારણ (અર્થાત્ સ્વરૂપશ્રદ્ધાન) આત્મામાં સદાય વર્તી રહ્યું છે–એમ અહીં બતાવવું છે.

આ સ્વરૂપશ્રદ્ધાન અથવા તો કારણ સ્વભાવદૃષ્ટિ તે સમ્યગ્દર્શનનું કારણ છે અને જો 'ઉપયોગ'ના ભેદ તરીકે લઈએ તો કારણદૃષ્ટિ એટલે કારણસ્વભાવદર્શનોપયોગ તે કેવળદર્શનનું કારણ છે. કેવળદર્શનને કાર્યસ્વભાવદર્શનોપયોગ કહેવાય છે.

જેમ ભગવાન સર્વજ્ઞનું કેવળજ્ઞાન લોકાલોકને જાણે છે તેમ આ કેવળદર્શન લોકાલોકને દેખે છે. અહા! આત્મસ્વભાવનો અચિંત્ય ગંભીર મહિમા સંતોએ ખુલ્લો કર્યો છે.

પરમપારિણામિકસ્વભાવી આત્મા ચાર ભાવોથી અગોચર છે—એમ અહીં કહ્યું છે. જોકે ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવથી તો તે અનુભવમાં આવે છે એટલે તે ભાવોથી તો તે ગોચર થાય છે પરંતુ તે ઔદયિક, ઔપશમિક આદિ ચારે ક્ષણિક ભાવો છે, તે ક્ષણિક ભાવોના લક્ષે પંચમભાવ પકડાતો નથી તે અપેક્ષાએ ચાર ભાવોથી અગોચર કહ્યો છે. તેમ જ તે ઔદયિકાદિ ચારે ભાવોમાં કર્મના ઉદયાદિની અપેક્ષા આવે છે, તેઓ ત્રિકાળ એકરૂપ ભાવ નથી તેથી તે ચારે ભાવોને 'વિભાવ' ભાવો કહ્યા.

અહીં 'વિભાવ' એટલે વિકાર ન સમજવો. ક્ષાયિકભાવ તો પર્યાય અપેક્ષાએ સ્વભાવભાવ છે પરંતુ પહેલાં તે ભાવ ન હતો ને પછી નવો પ્રગટ્યો–એ રીતે તેનામાં એકરૂપતા ન રહી, માટે તેને 'વિભાવ' કહ્યો.

ત્રિકાળ એકરૂપ એવા પારિણામિકસ્વભાવને સદા પાવનરૂપ નિજ સ્વભાવ કહ્યો; આવા આત્માને શ્રદ્ધવાની તાકાત સ્વરૂપશ્રદ્ધામાં ત્રણેકાળ ભરી છે, તે કારણરૂપ છે અને તેમાંથી આવા આત્માને શ્રદ્ધવાનું વ્યક્ત કાર્ય પ્રગટે તે સમ્યગ્દર્શન છે, તે મોક્ષમાર્ગમાં નિયમરૂપ કર્તવ્ય છે.

ક્ષાયિકભાવના અભાવ વખતે પણ જેનો સદ્ભાવ છે એટલે ક્ષાયિકભાવની પણ જેને અપેક્ષા નથી એવા નિરપેક્ષ ત્રિકાળ એકરૂપ પરમસ્વભાવના આશ્રયે જ ધર્મરૂપ કાર્ય થાય છે.

ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક તે ભાવો ધર્મ છે પણ તે ભાવો પંચમ પરમભાવને આશ્રયે જ પ્રગટે છે; માટે એવા પરમસ્વભાવે આત્માને ભાવવો–એવો ઉપદેશ છે. આમાં 'ભાવના' તે મોક્ષમાર્ગ છે. તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આવી જાય છે.

આત્માનો પરમપારિણામિકસ્વભાવ ત્રિકાળ છે તે સ્વભાવનું અવલંબન કરીને તેની ભાવનાથી જ મોક્ષનું સાધન પ્રગટે છે.

દ્રવ્ય-સ્વભાવમાં તો સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીનું કારણ થવાની તાકાત ત્રિકાળ છે. તે કારણશક્તિને કાંઈ આવરણ નથી પણ જ્યારે તે કારણશક્તિનું અવલંબન લઈને સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ કાર્ય કરવામાં આવે ત્યારે તે કારણશક્તિનું કારણપણું સાર્થક થાય છે. આમ, કારણ–કાર્યની સંધિ છે.

જુઓ ભાઈ! આ વિષય એકલા અધ્યાત્મનો છે. અંતરની દૃષ્ટિનો પ્રયોજનભૂત

આ વિષય છે. પહેલાં તો આત્માની પાત્રતાપૂર્વક જ્ઞાની પાસેથી ઉત્સાહપૂર્વક આવી વાત સાંભળે, પછી અંતરમાં આત્મા સાથે મેળવીને તેરૂપે પરિણમાવવાનો પ્રયત્ન કરે. આત્માની ખરેખરી લગનીપૂર્વક સ્વભાવ તરફના ઘણા પ્રયત્નથી અંતર્માં પરિણમન થતાં અપૂર્વ આનંદનું વેદન થાય છે ને આત્મામાં મોક્ષના નિઃશંક કોલકરાર આવી જાય છે. પછી તે જીવ પરાશ્રયે ધર્મ શોધતો નથી.

'મારા ધર્મનું, મારા સુખનું, મારા મોક્ષનું સાધન મારી પાસે વર્તમાનમાં હાજરાહજૂર છે'—એમ તે ધર્માત્મા જાણે છે. પોતાનો સ્વભાવ પોતાની પાસે જ છે, તે કાંઈ પોતાથી દૂર નથી. અંતરમાં નજર કરીને પોતાના સ્વભાવનો આશ્રય કરે તો ધર્મ થાય. એ સિવાય, બહારના આશ્રયે અનંતકાળે પણ ધર્મ થતો નથી. આ રીતે સ્વભાવને લક્ષમાં લઈને તેનો મહિમા કરતાં કરતાં એકાગ્ર થઈ જવા ઉપર જ્ઞાનીઓ જોર મૂકે છે.

ભાઈ! અનંત દુઃખમય એવા સંસારના જન્મ-મરણનું મૂળ છેદવાની આ વાત છે. અરે! આ સંસારમાં અનેકવિધ દુઃખનો ત્રાસ...તેનું મૂળ મિથ્યાદર્શન છે. તેને ટાળવા આત્માની સાચી ઓળખાણ કરીને સમ્યગ્દર્શન કરવું જોઈએ.

આત્માર્થી-જિજ્ઞાસુ એમ વિચારે કે અરેરે! અત્યાર સુધી સમ્યગ્દર્શન વગર હું અનંત સંસારમાં રખડી રખડીને બહુ દુઃખી થયો. હવે સર્વ ઉદ્યમથી સમ્યગ્દર્શન પ્રગટ કરવું—તે જ મારે કરવાયોગ્ય પહેલું કર્તવ્ય છે. અંતર મારો આત્મા છે, તેને હું લક્ષમાં લઉં એ સિવાય બીજા કોને માનવું ને કોને જોવું? દુનિયા તો ચાલી જ જાય છે. આખી દુનિયા મારા અંતર્આત્માથી બહાર છે. મારા કાર્યનો સંબંધ અંતરમાં મારા કારણ સાથે જ છે, બહારમાં કોઈ સાથે નથી.

આત્માનો પરમપારિણામિકસ્વભાવ ધ્રુવ છે, સદા એકરૂપ છે. તે પરમ આદરણીય છે. તેનો જ આશ્રય કરવા જેવો છે. આ 'પંચમભાવ' ઔદયિકાદિક ચાર ભાવોમાં સમાતો નથી, માટે તે ચારે ક્ષણિક ભાવોથી અગોચર છે. ચાર ક્ષણિક ભાવોનો આશ્રય છોડાવવા માટે તેમનાથી અગમ્ય કહીને પંચમભાવનો આશ્રય કરાવ્યો છે. સમકિતીને તે સ્વભાવ અંતરમાં અનુભવગમ્ય થઈ ગયો છે.

પારિણામિકભાવને ચાર ભાવોથી અગોચર કહેવાનો આશય એવો છે કે ચાર ભાવોના આશ્રયે તે પંચમભાવ જણાતો નથી. તે તો પરમપારિણામિકસ્વભાવના આશ્રયે જ જણાય છે. જણાય છે તો ક્ષાયોપશમિક વગેરે ભાવોથી પણ તે ભાવ જ્યારે અંતરમાં પારિણામિકસ્વભાવનો આશ્રય કરે ત્યારે જ તે પરમસ્વભાવને જાણે છે.

પારિણામિકસ્વભાવ તે જ આત્માનો 'નિજ સ્વભાવ' છે. તે નિજભાવને આત્મા કદી છોડતો નથી. કર્મના ઉદય, ક્ષય વગેરેની અપેક્ષા તે 'નિજસ્વભાવ'માં લાગતી નથી, તેથી તે નિરપેક્ષ છે. કેવળજ્ઞાન-પર્યાય પ્રગટી તેને જાણવા માટે કોઈ ઈન્દ્રિય, પ્રકાશ વગેરેની અપેક્ષા નહિ હોવાથી નિરપેક્ષ કહેવાય—તે જુદી અપેક્ષા છે; પરંતુ તે કેવળજ્ઞાન-પર્યાયમાં કર્મના ક્ષયની અપેક્ષા આવે છે. પહેલાં તે કેવળજ્ઞાન ન હતું ને પછી કર્મનો ક્ષય થતાં પ્રગટ્યું—એ રીતે તેમાં નિરપેક્ષતા નથી, એકરૂપતા નથી; માટે તે ક્ષાયિકભાવનો આશ્રય લઈ શકાતો નથી.

આ રીતે કાર્યરૂપે અને કારણરૂપે સ્વભાવદર્શનોપયોગ કહ્યો. વિભાવદર્શનોપયોગ હવે પછીની ગાથામાં આવશે.

[હવે ૧૩મી ગાથાની ટીકા પૂરી કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ]** : દશિ–જ્ઞપ્તિ–વૃત્તિસ્વરૂપ (દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમતું) એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ તે મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે; આ માર્ગ વિના મોક્ષ નથી.

અહા! કળશ બહુ ઊંચો અને બહુ સરસ છે. કહે છે કે 'દશિ' અર્થાત્ સમ્યગ્દર્શન; એટલે શું? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અંદર ત્રિકાળ ધ્રુવ પૂર્ણાનંદસ્વરૂપ છે, તેની અંતરઅનુભવમાં પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે અને તે ધર્મનો પહેલો અવયવ છે અર્થાત્ ધર્મમાં સૌથી પહેલાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. અહા! અંદર વસ્તુ પોતે ભગવાનસ્વરૂપ છે, તેમાં એકાગ્ર થતાં રાગથી નિરપેક્ષ–રાગની અપેક્ષા વિના જ—નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તેને અહીં–વીતરાગ-માર્ગમાં 'દશિ' અર્થાત્ ધર્મની પહેલી ક્રિયા કહેવામાં આવે છે.

હવે, 'જ્ઞપ્તિ' એટલે જાણવું તે–જ્ઞાન. અંતરના નિજ ત્રિકાળી ભગવાનસ્વરૂપ આત્મામાં એકાગ્ર થતાં આત્માશ્રિત જે સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન પ્રગટે તેને અહીં જ્ઞાન કહેવામાં આવે છે. ભાઈ! એકલું શાસ્ત્રનું ભણતર તે કાંઈ જ્ઞાન નથી...ભગવાન કેવળીના માર્ગમાં જ્ઞાન તો એને કહીએ કે જે સ્વભાવાશ્રિત હોય અને સ્વરૂપ-સન્મુખ થતાં અંતર્માં પ્રગટ થયું હોય. અંદર શુદ્ધચૈતન્યમય ધ્રુવ આત્મસ્વરૂપમાં સહજજ્ઞાનની જ્યોત નિરંતર ઝળહળે છે, તેમાં એકાગ્ર થતાં અંતર્માંથી જે જ્ઞાનનો કણ જાગે તેને જ્ઞાન–સમ્યગ્જ્ઞાન કહે છે અને તે મોક્ષમાર્ગનો એક અવયવ છે.

વૃત્તિ અર્થાત્ પરિણતિ, ચારિત્ર. અંદર ચિદાનંદસ્વરૂપ ભગવાનઆત્માના અનુભવમાં, આનંદના સ્વાદ સહિત સ્વસ્વરૂપની પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે, તેનું જ્ઞાન તે જ્ઞાન છે અને તેમાં–નિજાનંદસ્વરૂપમાં લીનતા–રમણતા થવી તેને ચારિત્ર કહે છે.

અહાહા! અતીન્દ્રિય આનંદનું ધામ ચિદાનંદઘન પ્રભુ આત્મા છે. તેની શ્રદ્ધા-જ્ઞાન થયા પછી તે સ્વરૂપમાં જ ચરવું–રમવું–ઠરવું–જમવું–લીન થઈ જવું તેને ત્રણલોકના નાથ કેવળી પરમાત્મા ચારિત્ર કહે છે. આવું ચારિત્ર તે મોક્ષનું કારણ છે.

જુઓ! અહીં ભાષા એમ લીધી છે કે "દૃશિ–જ્ઞપ્તિ–વૃત્તિસ્વરૂપ"....એટલે શું? કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રની નિર્વિકારી–નિર્દોષ દશારૂપે કોણ થતું? કોણ પરિણમતું?–કે આત્મતત્ત્વ અર્થાત્ ભગવાન આત્મા આ રીતે પરિણમે છે. જુઓ! અંદર (શ્લોકમાં) એ જ કહે છે કે "એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ" અંદર જે એક ચૈતન્ય...ચૈતન્ય...ચૈતન્ય એવું ચૈતન્યસામાન્યસ્વરૂપ, જ્ઞાનાનંદસ્વરૂપ, ભગવાનસ્વરૂપ નિજ આત્મતત્ત્વ છે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમે છે–થાય છે.

અહીં કહે છે કે ભગવાનઆત્મા આનંદનું ધામ પ્રભુ પૂર્ણ શુદ્ધ છે, તેનો અંતર નિર્વિકલ્પ અનુભવ કરવો ને તેની શ્રદ્ધા કરવી, તે સમકિત છે; તેનું આનંદના વેદનવાળું સમ્યગ્જ્ઞાન તે જ્ઞાન છે અને સ્વરૂપમાં ઉગ્ર રમણતા–લીનતા કરવી તેનું નામ ચારિત્ર છે. જેમાં પ્રચુર આનંદનું સંવેદન થાય તે ચારિત્ર છે. આ દશાઓ વિશેષરૂપ છે એટલે કે પર્યાયરૂપ છે. તે તે વિશેષરૂપ કોણ થાય છે તે અહીં કહે છે. "એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ છે" તે પર્યારૂપ થાય છે. એ દશાઓ કાંઈ નિમિત્તને લઈને થતી નથી પણ ચિત્સામાન્યરૂપ આત્મા પોતે તે ત્રણ દશારૂપે થાય છે—એમ કહે છે. જુઓ તો ખરા! શું શૈલી છે!!

અહીં ઉપયોગનું વર્ણન છે ને! અને રત્નત્રયમાં દર્શન ને જ્ઞાન પહેલાં છે. તેથી કહે છે કે જ્ઞાન–દર્શનનો ઉપયોગ કે જે ત્રિકાળ ચિત્સામાન્યસ્વરૂપ છે અર્થાત્ સામાન્ય ચૈતન્યતત્ત્વ-સ્થિત જ્ઞાન-દર્શનનો જે ત્રિકાળ ધ્રુવ ઉપયોગ છે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે થાય છે એટલે કે પરિણમે છે. બીજી રીતે કહીએ તો 'સામાન્ય' પર્યાયમાં 'વિશેષપણે' થાય છે—આવી ઝીણી વાત!

શ્રોતા :—શું 'સામાન્ય' તે વિશેષરૂપ થાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા; 'સામાન્ય' તે વિશેષરૂપ પરિણમે છે–એમ અહીં કહે છે.

કેમકે પર્યાય અપેક્ષાએ તે સામાન્ય વિશેષરૂપે પરિણમ્યું છે. જુઓ ને! અહીં શું કહ્યું છે? કે 'દૃશિ-જ્ઞપ્તિ-વૃત્તિસ્વરૂપ થતું એવું જે એક જ ચૈતન્ય સામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ છે.' તે સામાન્ય તો સામાન્ય જ છે પણ તે (પર્યાયની અપેક્ષાએ) પરિણમે છે ને! જુઓ એ જ શબ્દો આમા (કળશમાં) છે. એમાં ખૂબી એ છે કે ત્રિકાળી સામાન્યસ્વભાવ છે તે પર્યાપણે પરિણમે છે—એમ જે કહ્યું છે તેનો અર્થ એ છે કે દર્શન, જ્ઞાન ને આનંદમય એવા વિશેષરૂપે તે (સામાન્ય) થયું છે, કોઈ અન્ય વસ્તુ નહિ—આવી બધી ભાષા ગૂઢ રહસ્યમય છે!

કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ એવું જે મોક્ષમાર્ગનું પરિણામ છે, પર્યાય છે, તે વિશેષપણે (પર્યાય અપેક્ષાએ) પોતે સામાન્ય પરિણમે છે એટલે કે જે ત્રિકાળી જ્ઞાન-દર્શનના સ્વભાવવાળું ચિત્સામાન્યસ્વરૂપ આત્મતત્ત્વ છે એટલે કે જાણવા-દેખવાના ધ્રુવ સ્વભાવવાળું જે આત્મતત્ત્વ છે તે પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વિશેષપણે પરિણમે છે પણ રાગની ક્રિયાથી તે નિર્મળ રત્નત્રયરૂપે-મોક્ષમાર્ગરૂપે પરિણમે છે-એમ નથી. તેમજ શરીરના નિમિત્તથી કે ઇન્દ્રિયોની સહાયથી તે મોક્ષમાર્ગપણે પરિણમે છે—એમ નથી. અહીં આ બતાવવું છે.

ભગવાન ત્રિલોકીનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે ભગવાન! તારા ગોદામમાં તો અનંતજ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ-લક્ષ્મી ભરી છે. તેમાં જેટલી એકાગ્રતા-લીનતા થાય તેટલાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. આ મોક્ષ-પર્યંતનો માલ કાઢવાની રીત ને માર્ગ છે.

એવું (શુદ્ધરત્નત્રયરૂપે પરિણમેલું) જે એક જ ચૈતન્યસામાન્યસ્વરૂપ નિજ આત્મતત્ત્વ છે તે મોક્ષેચ્છુઓને પ્રસિદ્ધ માર્ગ છે. ધર્મના જિજ્ઞાસુઓને આ અંતરનો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય માર્ગ જ પ્રસિદ્ધ છે. ત્રિકાળી દ્રવ્યના આશ્રયે તેની અંતરલીનતાથી પ્રગટ થયેલ શુદ્ધરત્નત્રરૂપ મોક્ષમાર્ગ જ વીતરાગના શાસનમાં પ્રસિદ્ધ માર્ગ છે. આ માર્ગ વિના મોક્ષ નથી.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવના માર્ગમાં અંતરના દ્રવ્યસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગી દશા ને મોક્ષ પ્રગટ થાય છે. મોક્ષેચ્છુઓને આ એક જ માર્ગ પ્રસિદ્ધ છે. બાકી બીજો મોક્ષનો માર્ગ ભગવાનના માર્ગમાં-શાસનમાં નથી! આવી આ સ્પષ્ટ વાત છે. (ક્રમશઃ)

❑ ❑ ❑

# અજ્ઞાન-દશામાં રાગનું કર્તાપણું સંમત કરવું

(શ્રી સમયસાર નાટક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૨૩)

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે તેમાં શું વિષય ચાલે છે?–કે અનાદિકાળથી જે વિકાર થાય છે તે વિકાર આત્માની પર્યાય છે, તેનો કર્તા કર્મ નથી. નિમિત્ત બતાવનારા કથનમાં એમ આવે કે જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે છે, મોહનીય કર્મ સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર થવા દેતું નથી.....એ બધા નિમિત્તના કથન છે. એક દ્રવ્યની પર્યાયને બીજા દ્રવ્યની પર્યાય શું કરે! મિથ્યાત્વ જીવ પોતે કરે છે અને કર્મ કરાવે છે એમ માને તો એ બહુ ગડબડ છે.

આ વિષયમાં શ્રીગુરુ સમાધાન કરે છે :

क्रिया एक करता जुगल, यौं न जिनागम मांहि।
अथवा करनी औरकी, और करै यौं नाहि॥२१॥

करै और फल भोगवै और बने नहि एम।
जो करता सो भोगता, यहै जथावत जेम॥२२॥

भावकरम करतव्यता, स्वयंसिद्ध नहि होइ।
जो जगकी करनी करै, जगवासी जिय सोई॥२३॥

जिय करता जिय भोगता, भावकरम जिय चाल।
पुद्गल करै न भोगवै, दुविधा मिथ्याजाल॥२४॥

तातैं भावित करमकौ, करै मिथ्याती जीव।
सुख दुख आपद संपदा, भुंजे सहज सदीव॥२५॥

અર્થ :—ક્રિયા એક અને કર્તા બે એવું કથન જિનરાજના આગમમાં નથી અથવા કોઈની ક્રિયા કોઈ કરે, એમ પણ બની શકતું નથી. ૨૧. ક્રિયા કોઈ કરે અને ફળ કોઈ ભોગવે એવું જિનવચનમાં નથી કેમકે જે કર્તા હોય તે જ વાસ્તવમાં ભોક્તા હોય છે. ૨૨. ભાવકર્મનો ઉત્પાદ પોતાની મેળે થતો નથી. જે સંસારની ક્રિયા-હલન-ચલન-ચતુર્ગતિ

ભ્રમણ આદિ કરે છે તે જ સંસારીજીવ ભાવકર્મનો કર્તા છે. ૨૩. ભાવકર્મોનો કર્તા જીવ છે, ભાવકર્મોનો ભોક્તા જીવ છે, ભાવકર્મ જીવની વિભાવ પરિણતિ છે, એનો કર્તા-ભોક્તા પુદ્‌ગલ નથી. પુદ્‌ગલ તથા જીવ બંનેને કર્તા-ભોક્તા માનવા તે મિથ્યા જંજાળ છે. ૨૪. તેથી સ્પષ્ટ છે કે ભાવકર્મોનો કર્તા મિથ્યાત્વી જીવ છે અને તે જ તેના ફળ સુખ-દુઃખ અથવા સંયોગ-વિયોગને સદા ભોગવે છે.

ક્રિયા એક અને તેના કરનારા બે દ્રવ્ય હોય એમ બની શકતું નથી. વિકારની ક્રિયા એક અને તેના કર્તા જીવ અને પુદ્‌ગલ બંને—એમ ન બને.

શ્રોતા :—એક કાર્યના કારણ તો બે હોય ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—કારણ પણ એક જ હોય છે, બીજા ઉપર તો માત્ર આરોપ અપાય છે. વાણી એ એક કાર્ય છે, તેનો કર્તા જડ છે, જીવ તેનો કર્તા નથી. જડ અને ચેતન બંને મળીને વાણીનું કાર્ય કરે છે—એમ નથી. બીજાને એમ થાય કે શું જીવ ભાષા નથી બોલતો? અરે! ભાષા તો ભાષાવર્ગણાનું કાર્ય છે, તેને આહારવર્ગણા પણ કરી શકતી નથી તો જીવ શી રીતે કરે! આ હોઠ હલે છે તો ભાષા નીકળે છે એમ નથી; તેમ, આત્મા પ્રેરણા કરે તો ભાષા નીકળે છે એમ નથી.

ભાષાવર્ગણા ભાષાની પર્યાય કરે છે ત્યારે જીવને એમ થાય છે કે હું બોલું-આમ બોલું-માટે જીવ પણ તેનો કર્તા છે એમ જિનાગમ કહેતું નથી કારણ કે એક પરિણામના કર્તા બે દ્રવ્ય ન હોઈ શકે. બીડીના પરમાણુ બીડીની ક્રિયા કરે કે માણસની આંગળી બીડીની ક્રિયા કરે? બીડીના પરમાણુ જ તેની ક્રિયાના કર્તા છે, આંગળી નહિ. એક ક્રિયાના કરવાવાળા બે હોય એમ ત્રણકાળમાં બની શકતું નથી માટે અહીં કહ્યું કે क्रिया एक कर्ता जुगल, यौं न जिनागम मांहि। વિકારની ક્રિયાનો કર્તા એક તો આત્મા છે અને તેને કર્મનો ઉદય વિકાર કરાવી દે છે-એમ અજ્ઞાની માને છે પણ તે તેની મૂઢતા છે. જિનાગમ એમ કહેતું નથી.

અહા! દિગંબર સંતોના કથન તો જુઓ! વાસ્તવિક તત્ત્વ જગત સામે જાહેર કરી દીધું! મુનિનો નિશ્ચય તો મહાન પણ વ્યવહાર પણ કેવો! એકવાર ભોજન તે પણ ઊભા ઊભા. જો ઊભા રહી શકે તેમ ન હોય તો ભોજન જ ન લે. વસ્ત્ર તો નહિ પણ શયન પણ ભૂમિમાં. મુનિની દશા તો જુઓ! આવા કથનો તો દિગંબર સંતોએ જ કહ્યાં અને જિનવરદેવે કહ્યું એમ જાહેર કર્યું પણ હજુ તો કોઈને શ્રદ્ધામાં પણ આ વાત બેસતી નથી.

ત્યાં આચરણની વાત તો શું કરવી! જેની દૃષ્ટિ વિપરીત છે તે ભ્રષ્ટથી પણ ભ્રષ્ટ છે. જેનું ચારિત્ર ભ્રષ્ટ છે તે તો તેની દૃષ્ટિમાં ખ્યાલમાં આવે તો સુધારી શકે છે પણ દર્શનથી ભ્રષ્ટ હોય તેને કોણ સુધારે!

જેને અનુભવ સહિત અવિકારી ક્રિયા હોય અને વ્યવહાર પણ ઉપર કહ્યો તેવો...વસ્ત્ર રહિત, એક જ વાર ઊભા ઊભા ભોજન આદિ યથાયોગ્ય હોય ત્યારે તેમને સાચા સાધુ કહેવાય છે. વીતરાગનો મારગ તો આવો છે ભાઈ! દિવસમાં ત્રણ ત્રણ વાર ખોરાક લે તેને સાધુ ન કહેવાય ભાઈ!

અહીં કહે છે કે એક તો એ સિદ્ધાંત છે કે એક ક્રિયા બે દ્રવ્ય મળીને ન કરે. બીજું, એક દ્રવ્યની ક્રિયા બીજું દ્રવ્ય ન કરે. અનંત દ્રવ્ય અનંતપણે રહીને પોતપોતાની ક્રિયા કરે છે. જો દરેક દ્રવ્ય ભિન્ન ભિન્ન રહીને પોતાની ક્રિયા કરે તો જ ભિન્ન રહી શકે. જો એક દ્રવ્ય બીજાની ક્રિયા કરે તો ભિન્ન દ્રવ્ય રહી ન શકે. ભગવાન! સ્વભાવનો મારગ આવો છે તેનો પેલા નિર્ણય તો કર! સમ્યગ્શ્રદ્ધામાં એમ લાવ કે 'મારગ આવો જ છે'. દુનિયા સાથે તેનું મિલાન થાય તેમ નથી.

ત્રીજો બોલ—કાર્ય કરે બીજુ દ્રવ્ય અને તેનું ફળ કોઈ બીજુ દ્રવ્ય ભોગવે—એમ બને નહિ. રાગની ક્રિયા જડ કરે અને તેનું ફળ જીવને ભોગવવું પડે—એમ બને નહિ. તેમ, રાગ જીવ કરે અને તેનું ફળ જડને ભોગવવું પડે-એમ ન બને.

**जो कर्ता सो भोक्ता, यहै यथावत**.....જે કોઈ રાગ-દ્વેષ આદિની ક્રિયા જીવ પોતાની મેળે કરે તેને જીવ જ ભોગવે છે. અન્ય કોઈ કરતું નથી અને અન્ય કોઈ ભોગવતું નથી. આ કોઈ સાધારણ વાત નથી. ભિન્ન ભિન્ન તત્ત્વની ભિન્ન ભિન્ન પર્યાયનો ઉત્પાદ પોતાથી થાય છે.

**भावकरम करतव्यता, स्वयंसिद्ध नहि होइ।** કોઈ કાર્ય કર્તા વિના હોતું નથી. જેમ ઘડો એક કાર્ય છે તો તેના કર્તા માટીના પરમાણુ છે, તેમ વિકાર પરિણામ કાર્ય છે તો તે કર્તા વિના ન હોય. જીવ તેને કરે છે. શાસ્ત્રમાં નિમિત્તના કથન આવે કે "જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાન રોકે છે, દર્શનાવરણીય કર્મથી નિદ્રા આવે છે, પુરુષવેદના ઉદયથી વેદના પરિણામ થાય છે. ઉદય ખસી જાય તો પરિણામ ન થાય. શુભાશુભ રાગ પણ કર્મના કારણે થાય છે." અરે પ્રભુ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. બાકી વેદની વાસના આદિ પરિણામ જીવ કરે તો થાય છે, કર્મ તેને કરાવતું નથી. પરસ્ત્રીમાં લંપટપણાનો ભાવ આવ્યો

તે શું પરથી આવ્યો છે? દયા-દાન-હિંસા-જૂઠ આદિ કોઈપણ ભાવ સ્વયંસિદ્ધ થતા નથી. કર્તા વિના કાર્ય થતાં નથી.

ભાવકર્મને કોણ કરે છે?–કે જગવાસી જીવ જગ્તની કરણી કરે છે. એટલે કે હલન-ચલન, ગતિમાં પરિભ્રમણ આદિ ક્રિયા, રાગ-દ્વેષની ક્રિયા જીવ જ કરે છે, કર્મ કરતું નથી. ભગવાન આત્મા પોતાને ભૂલીને રાગ-દ્વેષની ક્રિયા કરે છે. અનાદિથી આમ તે કરતો આવ્યો છે. અંતરાય કર્મનો ઉદય છે માટે આત્માનો લાભ થતો નથી એમ નથી. અમે પુરુષાર્થ નથી કરી શકતાં તેનું કારણ અંતરાય કર્મ છે એમ કહે છે તે જૂઠી વાત છે. તારો ઉલટો પુરુષાર્થ તારાથી થાય છે કર્મથી નહિ.

અન્યમત ઈશ્વરને કર્તા માને છે તો જૈનો કર્મને કર્તા માનવા લાગ્યા. બંને વાત જૂઠી છે. जिय करता जिय भोगता.....ક્રોધ-માન-માયા-લોભ, મિથ્યાત્વ આદિ ભાવ મિથ્યાદૃષ્ટિ જીવ કરે છે અને ભોગવે છે. સમ્યગ્દૃષ્ટિ તો રાગ થાય છે તેનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે, માટે તે કર્તા નથી. અહીં તો સમુચ્ચયપણે અજ્ઞાનીની વાત કરી છે. ભાવકર્મ એ જીવની ચાલ છે, તેને પુદ્‌ગલ કરતું કે ભોગવતું નથી. બે દ્રવ્યને કર્તા માનવા એ તો મિથ્યાજાળ છે. મા-બાપથી પુત્ર થયો છે એ વાત જૂઠી છે. પુત્ર પોતાથી થયો છે તેનો કર્તા અન્યદ્રવ્ય–મા-બાપ નથી. રાગ જીવ કરે છે ત્યારે કર્મનું નિમિત્ત હોય છે એ દૃષ્ટિએ શાસ્ત્રમાં કર્મને વ્યવહારકારણ કહ્યું પણ યથાર્થમાં વ્યવહારકારણ એ કારણ નથી.

બહુ ગડબડ ચાલી છે. જેવું સ્વરૂપ છે તેવી માન્યતા નહિ અને વિપરીત માન્યતા છે તે ક્યારે છૂટશે! કર્મ મને વિકાર કરાવે છે એમ માને છે તો વિકારથી ક્યારે છૂટશે! કર્મ છોડાવશે ત્યારે છૂટશે ને! આત્માના અધિકારમાં તો કાંઈ ન રહ્યું! એમ ન હોય ભાઈ! પોતાનો આત્મા નિર્મળાનંદ મૂર્તિ છે તેનું ભાન નથી. તું સ્વયં વિકારનો કર્તા થાય છે, કર્મ કરાવતા નથી. સમકિતી વિકારના કર્તા થતાં નથી કેમકે એ જાણે છે કે હું તો શુદ્ધ આનંદકંદ છું, રાગ થાય છે તે મારું સ્વરૂપ જ નથી, એ તો મારા સ્વરૂપથી ભિન્ન છે તેનો હું જાણનાર છું.

અજ્ઞાની વિકાર કરે છે અને તેના ફળને ભોગવે છે. જ્ઞાની વિકારના કર્તા થતાં નથી અને તેના ફળને ભોગવતા નથી. સૂક્ષ્મ વાત છે ભાઈ! સત્ ચિદાનંદ ભગવાન આત્માની દૃષ્ટિ થતાં જ જ્ઞાની વિકારના કર્તા કે ભોક્તા થતાં નથી. સાતમી નરકમાં ગયા પછી સમકિતી થાય છે એવા અસંખ્યજીવો ત્યાં સમકિતી છે, તે ત્યાંના સંયોગને સ્પર્શતા

તો નથી પણ આ વેદના મને થાય છે એમ વેદતા પણ નથી. અજ્ઞાની જીવ પણ સંયોગને સ્પર્શતા તો નથી પણ વેદનમાં એકાકાર થઈને દ્વેષને વેદે છે. જ્ઞાનીને એ સમયે પણ દ્વેષનું વેદન નથી. ચોથું ગુણસ્થાન જ છે અને બહારથી દુઃખ ભોગવતા દેખાય છે પણ અંતરમાં જ્ઞાનીને સુખની ગટાગટી છે. તેથી ક્ષણેક્ષણે આસ્રવ ઘટતો જાય છે. સમ્યગ્દષ્ટિની રીતિ આવી અટપટી હોય છે. જેનો આત્મા આત્માપણે થયો એવા ધર્મીજીવ રાગના અકર્તા અને આનંદના ભોક્તા છે. ભરતચક્રવર્તી છ ખંડના રાજમાં પણ તેનાથી વૈરાગી હતા ને! અમે જ્યાં છીએ ત્યાં આ રાજ નથી અને આ રાજમાં અમે નથી. અમારા ચૈતન્યધામમાં અમે છીએ. અમે કોઈ ઉદયભાવના કર્તા નથી. ધર્મી મિથ્યાત્વથી વિરત છે, રાગથી તેમને વિરક્તિ છે એજ મોટી વિરતી છે. અજ્ઞાનીને આવી વિરતી નથી, એ તો સદાય દુઃખ અને આકુળતાનો ભોક્તા છે. જ્ઞાની દુઃખના કે આકુળતાના ભોક્તા નથી.

હવે, આચાર્ય અમૃતચંદ્ર મહારાજ ૧૨માં શ્લોકમાં વસ્તુની સ્થિતિ છે એવી વર્ણવે છે. તેની ઉપરના ૨૬મા પદ્યમાં બનારસીદાસજી શું કહે છે!

'કર્મના કર્તા-ભોક્તા બાબતમાં એકાંત પક્ષ ઉપર વિચાર'

केई मूढ़ विकल एकंत पच्छ गहैं कहैं,
आतमा अकरतार पूरन परम है।
तिन्हिसौं जु कोऊ कहै जीव करता है तासौं,
फेरि कहैं करमकौ करता करम है।।
ऐसे मिथ्यागमन मिथ्याती ब्रह्मघाती जीव,
जिन्हिकैं हिए अनादि मोहकौ भरम है।
तिन्हिकौं मिथ्यात दूर करिबैको कहै गुरु,
स्यादवाद परवान आतम धरम है।।२६।।

અર્થ :—અજ્ઞાનથી દુઃખી અનેક એકાંતવાદી કહે છે કે આત્મા કર્મનો કર્તા નથી તે પૂર્ણ પરમાત્મા છે અને તેમને કોઈ કહે કે કર્મોનો કર્તા જીવ છે તો તે એકાંતપક્ષી કહે છે કે કર્મનો કર્તા કર્મ જ છે. આવા મિથ્યાત્વમાં લાગેલા મિથ્યાત્વી જીવો આત્માના ઘાતક છે, તેમને હૃદયમાં અનાદિકાળથી મોહકર્મજનિત ભૂલ ભરેલી છે. એમનું મિથ્યાત્વ દૂર કરવાને માટે શ્રીગુરુએ સ્યાદ્વાદરૂપ આત્માના સ્વરૂપનું વર્ણન કર્યું છે.

જુઓ! જગતમાં એકાંતવાદીઓ પણ છે ને! બધાં સમ્યગ્દષ્ટિ જ થોડા છે!

આચાર્યદેવ તો કહે છે કે સત્યને સત્ય માનનાર અને કહેનાર તથા અસત્યને અસત્ય માનનાર અને કહેનાર યથાર્થ માનનાર છે. અસત્યને સત્ય માનનારા જૂઠાં છે. સમભાવ એનું નામ નથી કે બધાને સમાન માનવા. શ્રીમદ્દે 'આત્મજ્ઞાન સમદર્શિતા આદિ' ગુરુના લક્ષણ કહ્યા છે ત્યાં સમદર્શિતા એટલે કુગુરુને પણ સુગુરુ માની લેવા અને કુશાસ્ત્રને પણ સુશાસ્ત્ર માની લેવા અથવા સુશાસ્ત્રને કુશાસ્ત્ર માની લેવા એવા અર્થ નથી. જે વસ્તુ જેમ છે તેમ યથાર્થ જાણે અને એમ જ સ્થાપે તેનું નામ સમભાવ છે. જ્ઞાની સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રને યથાર્થ જાણીને સ્થાપે છે અને કુગુરુ-કુદેવ-કુશાસ્ત્રને ઉથાપે છે.

બધાને રાજી રાખવા માટે બધાને સ્વીકારે છે અને સ્થાપે છે તે તો મૂઢ છે. વીતરાગમાર્ગનો પરમ વૈરી છે. જેવું છે તેવું જાણવું એનું નામ સમભાવ છે. મિથ્યાદૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ જાણવામાં વિષમભાવ નથી.

કોઈ મૂઢ એકાંતપક્ષ ગ્રહીને आतमा अकरतार पूरन परम है। એમ માને છે. પૂરણ પરમાત્માને વળી વિકારનું કર્તાપણું ક્યાંથી આવે! માટે, આત્મા વિકારનો કર્તા નથી. કર્મ વિકાર કરે છે, જીવ નહિ–એમ માનનારા જૈનમાં રહ્યા હોવા છતાં સાંખ્યમતી છે. અજ્ઞાનપણે પણ આત્માને રાગનો અકર્તા અને એકલો શુદ્ધ-શુદ્ધ માનવો તે અજ્ઞાન છે. સમ્યગ્દર્શન વિના શુદ્ધ આત્મા ક્યાંથી આવ્યો? રાગ જડનો છે માટે જડ તેને કરે છે, અમારે રાગ સાથે શું સંબંધ? અમે તો રાગના અકર્તા છીએ....એમ માનનાર મૂઢ છે. ગૂનો પોતે કરે છે અને પર ઉપર નાંખે છે તે મિથ્યામતી ગુન્હેગાર છે, આત્માનો ઘાતક છે.

આવી એને ભ્રમણા છે કે હું પૂરન પરમાત્મા છું મારે રાગ કે અશુદ્ધતા કેવી? મારી પર્યાય પણ શુદ્ધ છે. અરે! તારે શુદ્ધતા ક્યાંથી આવી? શુદ્ધ હોય તો આનંદનો સ્વાદ આવવો જોઈએ.

એક પ્રશ્ન બહુ ચાલે છે કે દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે તો પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવી? શું જડમાંથી અશુદ્ધતા આવી ગઈ? અરે ભાઈ! જે જાણનાર છે તે ભૂલ કરે છે. જડ થોડું ભૂલ કરે છે!

'ભણે તે ભૂલે'. વિકાર જીવ પોતાથી કરે છે, ભૂલ પોતાની છે જ્યાં સુધી પર્યાયદૃષ્ટિ છે. રાગને પોતાનો સ્વભાવ માને છે ત્યાં સુધી વિકારનો કર્તા અજ્ઞાની પોતે જ છે. દૃષ્ટિ પલટીને હું જ્ઞાયકભાવ છું એવો અનુભવ કરે છે ત્યારે તે અનુભૂતિનો કરવાવાળો રાગનો કર્તા નથી.

जिन्हिकैं हिए अनादि मोहकौ भरम है। तिन्हिकौं मिथ्यात दूर करनेको गुरु कहते है कि, स्यादवाद परवान आतम धरम है। આ ગાથામાં શાસ્ત્રમાં બહુ ખૂલાસો કર્યો છે કે તું કહે છે કે આત્મા વિકારનો કર્તા નથી પણ ભગવાને તો આત્માને કર્તા કહ્યો છે! તો કહે છે કે 'આત્મા આત્માનો કર્તા છે, વિકાર વિકારનો કર્તા છે'. ત્યારે આચાર્યદેવ કહે છે કે આત્મા તો ત્રિકાળ જ્ઞાયકભાવ છે અને અસંખ્ય પ્રદેશ અનાદિથી જ છે. તેમાં કરવાપણું ક્યાં છે! ભગવાને કથંચિત્ કર્તા એટલે અજ્ઞાનભાવે આત્મા જ વિકારને કરે છે એમ કહ્યું છે. તું કહે કે આત્મા આત્માને કરે છે—એટલે શું? આત્મા તો ધ્રુવ છે. ધ્રુવનો કર્તા કોણ બને? આત્મા અસંખ્યપ્રદેશી છે તેમાં કરવાનું શું રહ્યું? એ તો ત્રિકાળ છે. અસંખ્ય પ્રદેશને બનાવવાના નથી. વિકારને કરે છે તે કાર્ય છે, તેનો કર્તા અજ્ઞાની આત્મા છે.

આમાં બહુ ન્યાય છે. મૂળ પાઠમાં છે કે આત્મા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે છતાં વિકાર પણ દેખાય છે અને તેને કર્મ કરતા નથી તો શું સમજવું?.....ભાઈ! તારી ચીજમાં વિકાર છે તે ખરેખર તો જ્ઞેય છે પણ જ્ઞેયના જ્ઞાનના કાળમાં આ રાગ હું છું એવી બુદ્ધિ જેને થાય છે તે અજ્ઞાની રાગનો કર્તા થાય છે; પણ રાગના જ્ઞાનકાળે હું રાગ નહિ, હું તો તેનાથી ભિન્ન જાણવાવાળો છું–એવી દૃષ્ટિ છે તો રાગનો કર્તા નથી.

સમયસારમાં ગાથા ૩૩૨થી ૩૪૪ની ટીકામાં છે. જ્ઞાયકભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં કર્મથી ઉત્પન્ન થતાં મિથ્યાત્વાદિભાવોના જ્ઞાન સમયે અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયકભાવ) વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી તેને કર્તાપણું સમ્મત કરવું. જ્ઞાનપરિણામ જે રાગથી ભિન્ન હોવા જોઈએ...એમ ન જાણીને, રાગ તે જ હું છું એવા અજ્ઞાન પરિણામને કરે છે માટે, અજ્ઞાનભાવે અજ્ઞાની રાગનો કર્તા છે એમ સંમત કરવું. સૂક્ષ્મ વાત છે થોડી.

અજ્ઞાની રાગપરિણામને કરતો હોવા છતાં કર્મ તેનો કર્તા છે, આત્મા અકર્તા છે એમ કહે છે. તેની સામે આચાર્યદેવ કહે છે કે ભગવાને આત્માને કર્તા કહ્યો છે તે કાંઈ નિત્ય એવા જ્ઞાયકભાતનો કે અસંખ્યપ્રદેશનો કર્તા કહ્યો નથી. નિત્યને કરવાપણું શું હોય! કરવાપણું તો અનિત્ય એવી પર્યાયમાં હોય માટે, તું કહે છે કે આત્મા આત્માનો કર્તા છે તે યોગ્ય નથી. જ્યારે જ્ઞેયનું જ્ઞાન થાય છે ત્યારે જ્ઞેય અને જ્ઞાન ભિન્ન છે એવા ભેદવિજ્ઞાનની શૂન્યતાને કારણે અજ્ઞાનમય એવા જ્ઞાનપરિણામને અજ્ઞાની કરે છે. એજ આત્માનું કર્તાપણું છે.

સમયસારમાં તો આવા હજારો ખુલાસા આવ્યા છે. અજોડ ચક્ષુ છે સમયસાર! પણ લોકોને અભ્યાસ નથી. એ તો મુનિ માટે છે એમ કરીને અભ્યાસ કરતા નથી. આ તો જેને મિથ્યાત્વનો નાશ કરવો છે તેને માટે અભ્યાસ કરવાનું શાસ્ત્ર છે.

સમયસારની ૧૨મી ગાથામાં પણ જુઓને! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે –એમ કહ્યું છે. આદર તો એક ભૂતાર્થ સ્વભાવનો જ કરવાનો છે. ધર્મીને ભૂતાર્થ ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ થઈ છે પણ પર્યાયમાં અપૂર્ણતા છે તેનું શું કરવું?–કે પર્યાયમાં અપૂર્ણતા અને અશુદ્ધતા છે તે જ્યારે જેટલી છે ત્યારે તે તે કાળે જાણવાયોગ્ય છે, આદરવાયોગ્ય નથી. કરવાલાયક છે એમ પણ નથી. પણ શું કરે! અર્થ કરવામાં ભૂલ કરે તો સત્ય ક્યાંથી સમજાય!

વ્યવહાર છે તેને ન માને તે પર્યાયને જ માનતો નથી અને નિશ્ચય છે તેને ન માને તે મૂળ તત્ત્વને જ માનતો નથી. નિશ્ચય તો મૂળ તત્ત્વ આદરણીય છે અને વ્યવહાર છે તે માત્ર જાણવાલાયક છે, આદરણીય નથી. બંનેને જેમ છે તેમ જાણે તો જ તીર્થ અને તીર્થફળ ટકે છે.

જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી આત્મા રાગનો કર્તા છે. રાગથી રહિત પોતાના સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી અજ્ઞાની જીવ રાગનો કર્તા થાય છે. ભેદવિજ્ઞાન થતાં રાગનું કર્તાપણું છૂટી જાય છે.

આમ, અજ્ઞાનપણે આત્મા રાગનો કર્તા છે, જ્ઞાન થતાં રાગનો–વિકારનો કર્તા થતો નથી. આવો સ્યાદ્વાદ છે. (ક્રમશઃ)

સર્વ ક્ષેત્ર કે કાળમાં કોઈપણ પ્રકાર વડે જીવ કાળથી બચ્યો નથી કે બચશે પણ નહિ. સર્વ શરીરધારી પ્રાણીઓ એ પ્રચંડ કાળને વશ વર્તી રહ્યા છે. એ પ્રત્યક્ષ જોઈને હે જીવ! પ્રતિ પળે વિનાશ સન્મુખ જતાં શરીરને રાખવાની ચિંતા છોડી એક નિજ આત્માને જ રાગ-દ્વેષાદિ દુષ્પરિણામોથી હણાતો બચાવ, બચાવ! વિનાશી પદાર્થને રાખવાની માથાકુટ છોડી એ અવિનાશી નિજ આત્મપદનું રક્ષણ કર, રક્ષણ કર! અને દેહનાશની ચિંતાથી નિશ્ચિત થા, કારણ કે એ નિજપદ નથી પણ પર પદ છે.

*(શ્રી આત્માનુશાસન)*

## સૌરાષ્ટ્રના પ્રવેશદ્વારસમી પ્રસિદ્ધનગરી સુરેન્દ્રનગરમાં 'શ્રી સૂર્યકીર્તિ તીર્થધામ' મધ્યે ત્રિજિનાયતનોનો શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ સાનંદ સંપન્ન

તા. ૨૦-૧-૨૦૦૮ થી ૨૭-૧-૨૦૦૮

પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રભાવનાયોગ અન્તર્ગત સુરેન્દ્રનગર શહેરમાં શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા નવનિર્મિત 'શ્રી સૂર્યકીર્તિ તીર્થધામ' સંકુલ મધ્યે (૧) શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર, (૨) શ્રી વીસ વિદેહી કમલાકાર દિગંબર જિનમંદિર, (૩) શ્રી સીમંધરસ્વામી માનસ્તંભજીનો શ્રી જિનબિંબ પ્રતિષ્ઠા મહોત્સવ વિ.સં. ૨૦૬૪ પોષ સુદ ૧૩ તા. ૨૦-૧-૨૦૦૮ રવિવારથી પોષ વદ ૫ તા. ૨૭-૧-૨૦૦૮ રવિવાર સુધી યોજાઈ ગયો.

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રતિ શ્રદ્ધાવંત ભારતના વિવિધ પ્રાંતોમાંથી તથા નાઈરોબી, અમેરિકા, લંડન વગેરે સ્થળોથી લગભગ ત્રણ હજારથી અધિક મુમુક્ષુઓ આ મંગલ મહોત્સવનો અનુપમ લાભ લેવા પધાર્યા હતા.

આ મંગલમય મહોત્સવની ચમત્કૃતિપૂર્ણ પ્રભાવનાનો મૂળ આધાર આપણા તારણહાર પરમ કૃપાળુ પૂજ્ય કહાન ગુરુદેવનો સાતિશય પ્રભાવનોદય જ છે. તેને ચમકાવવાનો અનુપમ યશ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને તેમજ આપણા ઊંડા આદર્શ પં. શ્રી હિંમતલાલ જે. શાહની મંગલવર્ધિની છત્રછાયાને જ છે.

### પંચકલ્યાણક-જિનબિંબ પ્રતિષ્ઠાનો શાસ્ત્રોક્ત વિધિક્રમ

**તા. ૨૦-૧-૨૦૦૮**

પ્રતિષ્ઠા મહોત્સવની પવિત્ર વિધિની શરૂઆત મંગલ શાંતિજાપ પ્રારંભથી થઈ, ત્યારબાદ પ્રતિષ્ઠા મંડપ શુદ્ધિ તથા જેઓના મંગલવર્ધક આશ્રયમાં આ પ્રતિષ્ઠોત્સવ ઉજવવામાં આવ્યો તે વિધિ અધ્યક્ષ પરમ પૂજ્ય શ્રી શાંતિનાથ ભગવાનના પ્રતિષ્ઠિત જિનબિંબને શોભાયાત્રા પૂર્વક વિધિમંડપમાં બિરાજમાન કરવામાં આવ્યા. ત્યારબાદ નાંદિવિધાન, અખંડદીપ પ્રદીપન તથા ધર્મધ્વજારોહણથી મંગલ પ્રારંભ થયો. તે જ દિવસે ઈન્દ્રો દ્વારા શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા કરવામાં આવી.

**તા. ૨૧-૧-૨૦૦૮**

મંગલજાપથી પ્રારંભ કરી શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજાપૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવના ઈન્દ્રોએ આચાર્ય અનુજ્ઞા પ્રાપ્ત કરી, ત્યારબાદ ઈન્દ્રોની ઈન્દ્રપ્રતિષ્ઠા તથા ઈન્દ્ર શોભાયાત્રાના મંગલ જૂલુસનો પ્રારંભ થયો. આ જુલુસ અત્યંત ભવ્ય તેમજ નગરજનોને આકર્ષિત કરનારું હતું. આ મહોત્સવમાં સૌધર્મ ઈન્દ્ર તથા શચી ઈન્દ્રાણી બનવાનો લાભ સુવિધિભાઈ મહેન્દ્રભાઈ વારિયા તથા તેમનાં ધર્મપત્ની

આરતીબેનને પ્રાપ્ત થયો. કુબેર-કુબેરાણીનો લાભ શ્રી તેજસભાઈ લલીતચંદ્ર દોશી તથા અલ્પાબેનને મળ્યો તેમજ ઈશાન ઈન્દ્ર શ્રી સિદ્ધેશભાઈ મહેતા તથા ઈન્દ્રાણી મેઘનાબેન સિદ્ધેશભાઈ મહેતા થયા.

### તા. ૨૨-૧-૨૦૦૮

મંગલજાપથી પ્રારંભ કરી આ દિવસે ઈન્દ્રો દ્વારા શ્રી યાગમંડળ વિધાન પૂજા કરવામાં આવી તેમજ બપોરે પ્રતિષ્ઠેય ભગવંતોની પ્રતિષ્ઠામંડપમાં મંગલ પધરામણી ઉલ્લાસમય, ભક્તિભર્યા વાતાવરણમાં થઈ. ભગવંતોની પધરામણી થતાં ભક્તોનો ઉત્સાહ અત્યંત વૃદ્ધિગત થયેલો જોવામાં આવ્યો. રાત્રે ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયા સંપન્ન કરવામાં આવી. તેમજ અચ્યુતેન્દ્ર સભા, ઈન્દ્રસભા અને રાજ્ય-સભાના રોચક કાર્યક્રમો થયા. વિધિનાયક મહાવીર ભગવાનના પિતા સિદ્ધાર્થ રાજા બનવાનું સૌભાગ્ય રમેશભાઈ નારાયણદાસ શાહ તથા માતા ત્રિશલાદેવી બનવાનું સૌભાગ્ય મંજુલાબેનને પ્રાપ્ત થયું.

### તા. ૨૩-૧-૨૦૦૮ ગર્ભકલ્યાણક

ત્રિશલા માતાને આવેલાં ભગવાનના ગર્ભમાં પધારવાના સૂચક એવા મંગળ સોળ સ્વપ્નોનું, સ્વપ્નફળદર્શન કરાવવામાં આવ્યું તથા ગર્ભકલ્યાણકની શેષ વિધિ દર્શાવવામાં આવી. ત્યારબાદ ઈન્દ્રો દ્વારા મંડપમાં ગર્ભકલ્યાણકની પૂજા કરવામાં આવી. બપોરે જલયાત્રાપૂર્વક વેદી-મંદિર-ધ્વજ-કળશ શુદ્ધિનો કાર્યક્રમ અત્યંત ભક્તિપૂર્વક યોજાયો. રાત્રે ગર્ભકલ્યાણકની શેષ વિધિ તથા અષ્ટકુમારિકા દેવીઓ સાથે ત્રિશલામાતાની તત્ત્વચર્ચા થઈ. જે મુમુક્ષુઓને અત્યંત પસંદ આવી.

### તા. ૨૪-૧-૨૦૦૮ જન્મકલ્યાણક

સવારે વર્ધમાનકુમારનો જન્મ થતાં સૌધર્મ ઈન્દ્રના દરબારમાં તેમનું આસન ડોલતાં તેઓએ અત્યંત ભક્તિપૂર્વક ભરતક્ષેત્રના ચરમ તીર્થંકર મહાવીરસ્વામીના જન્મની મંગલ જાહેરાત કરી તથા ઈન્દ્રો, કુબેર અને ઐરાવત હાથી વગેરે સાજ-સામાન સાથે કુંડલપુર નગરી તરફ પ્રયાણ કર્યું. અહીં સિદ્ધાર્થ રાજાના દરબારમાં પણ ભગવાનના જન્મનો આનંદ ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો ત્યાં સૌધર્મ ઈન્દ્ર આદિનું આગમન થયું. સૌધર્મ ઈન્દ્ર ભગવાનને ઐરાવત હાથી પર બિરાજમાન કરી મેરુ પર્વત પર જન્માભિષેક માટે લઈ ગયા. જન્માભિષેકનું જૂલુસ હાથીઓ, બગીઓ, ઘોડાઓ તથા હજારો ભક્તોથી અત્યંત ભવ્ય લાગતું હતું. પાંડુકશીલા ઉપર વર્ધમાનકુમારને બિરાજમાન કરી સૌધર્મ ઈન્દ્ર દ્વારા ભગવાનના અભિષેકની શરૂઆત કરવામાં આવી. મંગલ અભિષેકમાં પ્રથમ રત્નકળશથી અભિષેક કરવાનો લાભ શ્રી મધુભાઈ ન્યાલચંદભાઈ શાહ પરિવાર, પાર્લા તથા દ્વિતીય રત્નકળશનો લાભ શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા, મલાડને પ્રાપ્ત થયો ત્યારબાદ સુવર્ણ તથા રજત કળશોથી હજારો મુમુક્ષુઓએ ભગવાનના અભિષેકનો લાભ લીધો. ત્યારબાદ રાજમહેલમાં ભગવાનના જન્મકલ્યાણકની પૂજા ઈન્દ્રો દ્વારા કરવામાં આવી. અને સૌધર્મ ઈન્દ્ર દ્વારા અદ્‌ભુત તાંડવ નૃત્ય કરવામાં આવ્યું. બપોરે ભગવાનના પારણાઝૂલનનો કાર્યક્રમ યોજાયો. પારણાઝૂલનનો પ્રથમ લાભ શ્રી મધુભાઈ ન્યાલચંદભાઈ શાહ પરિવાર પાર્લાને પ્રાપ્ત થયો. રાત્રે યુવરાજ વર્ધમાનને સમાગત રાજાઓ દ્વારા અભિવાદનનો કાર્યક્રમ યોજાયો.

## તા. ૨૫-૧-૨૦૦૮ દીક્ષા કલ્યાણક

સવારે રાજકુમાર વર્ધમાનને વૈરાગ્ય પ્રાપ્તિનું દૃશ્ય અત્યંત પ્રેરણાદાયક રીતે દર્શાવવામાં આવ્યું. લૌકાંતિક દેવોએ આવીને ભગવાનની વૈરાગ્યભાવનાને અનુમોદન આપ્યું. ત્યારબાદ વર્ધમાનકુમારનું દીક્ષાર્થે વન તરફ પ્રયાણ થયું. દીક્ષાવનમાં વર્ધમાનકુમારની મંગલ દીક્ષાગ્રહણવિધિ દર્શાવવામાં આવી. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું દીક્ષાકલ્યાણકનું વૈરાગ્ય પ્રવચન થયું. ઈન્દ્રો દ્વારા તીર્થંકર મહાવીરના કેશની ક્ષેપણવિધિ ક્ષીરસમુદ્રમાં કરવામાં આવી. ત્યારબાદ તપકલ્યાણકની પૂજા ઈન્દ્રો દ્વારા થઈ. બપોરે પ્રતિષ્ઠાચાર્ય બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા મુનિરાજ વર્ધમાનનું સાધનાદર્શન ઈન્દ્રો તેમજ મુમુક્ષુઓને કરાવવામાં આવ્યું જે અત્યંત ભાવવાહી તેમજ વૈરાગ્યપૂર્ણ હતું. મુનિરાજ વર્ધમાનની ગાંધર્વો તથા ઈન્દ્રો દ્વારા ભક્તિ કરવામાં આવી. રાત્રે મહાવીર ભગવાનના પૂર્વભવોનું નિદર્શન કરવામાં આવ્યું.

## તા. ૨૬-૧-૨૦૦૮ કેવળજ્ઞાન કલ્યાણક

સવારે શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુપૂજનથી પ્રારંભ કરી મુનિરાજ વર્ધમાનને આહારદાનનો મંગલ કાર્યક્રમ થયો. આહારદાનનો લાભ શ્રી બાબુલાલ નાનજીભાઈ શાહ પરિવાર હ. અનિલભાઈ તથા જિનેન્દ્રભાઈને પ્રાપ્ત થયો. ત્યારબાદ મંગલ અંકન્યાસવિધિ ક્ષપકશ્રેણી આરોહણ તથા ભગવાનને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં ઈન્દ્રો દ્વારા સમવસરણની રચના કરવામાં આવી. ત્યાં ભગવાનની કેવળજ્ઞાનકલ્યાણક પૂજા ઈન્દ્રો દ્વારા અત્યંત ભક્તિપૂર્વક કરવામાં આવી. ત્યારબાદ ઈન્દ્રો તથા વિવિધ દેશના રાજાઓની વિનંતીથી ભગવાનની દિવ્યદેશના મુમુક્ષુઓને પ્રાપ્ત થઈ તથા વિવિધ દેશોમાં વિહાર કરી મહાવીર ભગવાને જગતના જીવોને દિવ્યધ્વનિ દ્વારા મોક્ષમાર્ગની પ્રસાદી આપી. આ પ્રસંગોએ ઈન્દ્રો તથા વિવિધ દેશના ભક્તોએ ભગવાનનું અત્યંત ભક્તિપૂર્વક સ્વાગત કર્યું.

## તા. ૨૭-૧-૨૦૦૮ મોક્ષકલ્યાણક

સવારે નિર્વાણકલ્યાણક સમારોપણ, નિર્વાણભક્તિ તથા નિર્વાણપૂજાનો કાર્યક્રમ થયો ત્યારબાદ પ્રતિષ્ઠિત ભગવંતોની જૂલુસપૂર્વક જિનમંદિરમાં મંગલ પધરામણી થઈ. ભગવંતોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ભગવાનોના સંસ્થાપનની પૂર્વવિધિ પ્રતિષ્ઠાચાર્યો દ્વારા સંપન્ન કરવામાં આવી. અને ભગવંતોને વેદી પર બિરાજમાન કરવાની મંગલવિધિનો પ્રારંભ થયો.

શ્રી સીમંધર જિનાલયમાં મૂળનાયક (૧) **શ્રી સીમંધર ભગવાન** :-શ્રી મહેન્દ્રભાઈ સુંદરજી વારીઆ પરિવાર હસ્તે ચૈતન્યભાઈ અને સુવિધાભાઈ. (૨) **શ્રી નેમિનાથ ભગવાન** :-શ્રી લલિતચંદ્ર ન્યાલચંદ્ર દોશી તથા મુકુંદરાય ચુનિલાલ શાહ. (૩) **શ્રી પાર્શ્વનાથ ભગવાન** :-શ્રી ચંદુલાલ મોહનલાલ મહેતા (૪) પંચધાતુના ભગવંતો **વિધિનાયક મહાવીર ભગવાન** :-જયેશભાઈ નંદલાલભાઈ, **શાંતિનાથ ભગવાન** :-મહાસુખલાલ મગનલાલ શાહ, **પાર્શ્વનાથ ભગવાન**-રમેશચંદ્ર નારણદાસ શાહ, **સિદ્ધભગવાન** :-શ્રી લાલચંદભાઈ રૂગનાથ શેઠ, **સૂર્યકીર્તિ ભગવાન** :-મધુબેન રમેશચંદ્ર શાહને બિરાજમાન કરવાનો લાભ પ્રાપ્ત થયો. સીમંધર મંદિરના ઉપરના ભાગમાં ખડ્ગાસન

શ્રી આદિનાથ ભગવાન-શ્રીમતી શાંતાબેન બાલચંદ શાહ પરિવાર હસ્તે જિજ્ઞેશભાઈ, શ્રી ભરતેશ્વરકેવળી ભગવાન-શ્રી છબીલદાસ ગાંડાલાલ શાહ તથા શ્રીમતી જયાબેન જયંતીલાલ દોશી પરિવાર, શ્રી બાહુબલી મુનિરાજ-શ્રી રસિકલાલ અમરચંદભાઈ ડગલી-ઘાટકોપરને બિરાજમાન કરવાનો લાભ પ્રાપ્ત થયો.

મંદિરના નીચેના ભાગમાં શ્રી કુંદકુંદ-કહાન સૂર્ય સ્વાધ્યાય હૉલનું ઉદ્‌ઘાટન મુખ્યદાતા શ્રી બાબુલાલ નાનજીભાઈ તલકશીભાઈ શાહ પરિવાર હ. અનિલભાઈ તથા જિનેન્દ્રભાઈ દ્વારા કરવામાં આવ્યું. સ્વાધ્યાયમંદિરમાં શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ નાઈરોબી તરફથી પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિકૃતિનું અનાવરણ કરવામાં આવ્યું. તથા જિનમંદિર તથા સ્વાધ્યાયમંદિરમાં વિવિધ ચિત્રપટોનું અનાવરણ તથા સમયસારાદિ શાસ્ત્રોની મંગલ સ્થાપનવિધિનો લાભ અનેક મુમુક્ષુઓએ મેળવ્યો. આ મંદિર ઉપર કળશ-ધ્વજા સ્થાપન કરવાનો લાભ શ્રી નવીનચંદ્ર પોપટલાલ શાહ બોરીવલીને પ્રાપ્ત થયો.

## વીસ વિહરમાન કમલાકાર મંદિરમાં ભગવંતોને બિરાજમાન કરવાનો લાભ નીચે મુજબના દાતાઓને પ્રાપ્ત થયો.

(૧) શ્રી સીમંધરસ્વામી ભગવાન :- શ્રી મધુભાઈ ન્યાલચંદભાઈ શાહ પરિવાર-પાર્લા
(૨) શ્રી યુગમંધરસ્વામી ભગવાન :- શ્રી સુભાષભાઈ ચીમનલાલ વોરા પરિવાર-સુરેન્દ્રનગર
(૩) શ્રી બાહુસ્વામી ભગવાન :-શ્રીમતી હીરાબેન સવાઈલાલ શાહ પરિવાર-સુરેન્દ્રનગર
(૪) શ્રી સુબાહુસ્વામી ભગવાન :-શ્રી હસમુખલાલ ચીમનલાલ વોરા પરિવાર-સુરેન્દ્રનગર
(૫) શ્રી સંજાતકસ્વામી ભગવાન :-બ્ર. ચંદુભાઈ ઝોબાળિયા તથા વિમળાબેન સારાભાઈ પરિવાર
(૬) શ્રી સ્વયંપ્રભસ્વામી ભગવાન :-શ્રી નવકાર એમ્બ્રોડરી-મુંબઈ હ. અશ્વિનભાઈ શાહ તથા નીતિનભાઈ દોશી (૭) શ્રી વૃષભાનનસ્વામી ભગવાન :-શ્રીમતી હીરાબેન અનોપચંદ સંઘવી હ. નિરંજનભાઈ-ઘાટકોપર (૮) શ્રી અનંતવીર્યસ્વામી ભગવાન :-શ્રીમતી નારંગીબેન ભોગીલાલ ગોપાણી બોટાદવાળા-સુરેન્દ્રનગર (૯) શ્રી સુરપ્રભસ્વામી ભગવાન :-શ્રી મહેન્દ્રભાઈ લક્ષ્મીચંદ શાહ સોલાપુર (૧૦) શ્રી વિશાલકીર્તિસ્વામી ભગવાન :-શ્રીમતી ચંદ્રિકાબેન મનહરલાલ ગાંધી હ. અક્ષયકુમાર મનહરલાલ નાનાલાલ ગાંધી-સુરેન્દ્રનગર (૧૧) શ્રી વજ્રધરસ્વામી ભગવાન :-એક મુમુક્ષુભાઈ હ. ઈન્દુભાઈ સંઘવી-મોરબી (૧૨) શ્રી ચન્દ્રાનનસ્વામી ભગવાન :-નકરો શ્રી રમેશચંદ્ર નારાયણદાસભાઈ શાહ-સુરેન્દ્રનગર, બિરાજમાન : શ્રી ભાવેશકુમાર બળવંતરાય ભાયાણી-બોરીવલી (૧૩) શ્રી ચન્દ્રબાહુસ્વામી ભગવાન :-શ્રીમતી અનુબેન શેઠ-મુંબઈ (૧૪) શ્રી ભુજંગમસ્વામી ભગવાન :-શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી-મલાડ (૧૫) શ્રી ઇશ્વરસ્વામી ભગવાન :-શ્રી રમેશચંદ્ર કેશવલાલ શાહ-પાર્લા તથા ગિરિશભાઈ ચન્દ્રકાંતભાઈ દોશી (૧૬) શ્રી નેમપ્રભસ્વામી ભગવાન :-સરલાબેન સુરેશભાઈ સંઘવી (૧૭) શ્રી વિરસેનસ્વામી ભગવાન :-શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા પરિવાર-પાર્લા (૧૮) શ્રી મહાભદ્રસ્વામી ભગવાન :-શ્રી નિરંજનભાઈ હિંમતલાલ ડેલીવાળા પરિવાર-સુરેન્દ્રનગર (૧૯) શ્રી દેવયશસ્વામી ભગવાન :-શ્રીમતી ભાનુબેન પ્રતાપરાય

ડગલી-ઘાટકોપર **(૨૦) શ્રી અજિતવીર્યસ્વામી ભગવાન :-**શ્રીમતી ચન્દ્રાબેન મહેન્દ્રભાઈ ગાંધી હ. મેહુલભાઈ-મલાડ

આ ઉપરાંત કમળમંદિરમાં પોન્નૂર પહાડ ઉપર શ્રી કુંદકુંદ આચાર્ય ભગવાનની પ્રતિકૃતિ બિરાજમાન કરવામાં આવી. કમળમંદિરની વેદીઓ અને **ધ્વજા-કળશારોહણ**નો લાભ શ્રી મધુભાઈ ન્યાલચંદભાઈ શાહ પરિવારને પ્રાપ્ત થયો હતો.

**શ્રી સીમંધરસ્વામી માનસ્તંભજીમાં નીચેની ચારેય વેદીમાં** ભગવંતોને બિરાજમાન કરવાનો લાભ શ્રીમતી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર હસ્તે શ્રી નેમિશભાઈ તથા કેતનભાઈને પ્રાપ્ત થયો. તદ્ ઉપરાંત માનસ્તંભની ઉપરની વેદીના ચાર ભગવાન (૧) **પૂર્વ**-શ્રી બાબુલાલ નાનજીભાઈ શાહ પરિવાર-ઘાટકોપર, (૨) **પશ્ચિમ**-શ્રી હિંમતભાઈ વાલજીભાઈ ડગલી પરિવાર-વિંછીયા, (૩) **ઉત્તર**-શ્રી અંજનભાઈ શાંતિલાલ શાહ પરિવાર-દાદર, (૪) **દક્ષિણ**-શ્રીમતી વાસંતીબેન ગુણવંતભાઈ ભાયાણી-દાદરને બિરાજમાન કરવાનો લાભ પ્રાપ્ત થયો.

માનસ્તંભજી ઉપર ધ્વજા તથા કળશ સ્થાપનનો લાભ શ્રીમતી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર હસ્તે નેમિશભાઈ તથા કેતનભાઈ શાહને મળ્યો.

આ પ્રતિષ્ઠામાં વિધિ વિધાન ઉપરાંત સમાગત દર્શકોને પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ સીડી પ્રવચનોનો, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચાનો વિભિન્ન વિદ્વાનોના શાસ્ત્રપ્રવચનોનો ધાર્મિક શિક્ષણવર્ગનો, વઢવાણ તથા મલાડની ભજનમંડળીઓની ભક્તિનો તથા સુરેન્દ્રનગર મુમુક્ષુ-મંડળના બાળકો તથા બહેનો દ્વારા તૈયાર કરાયેલ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમોનો પણ લાભ પ્રાપ્ત થયો.

આ પંચકલ્યાણક પ્રતિષ્ઠાના વિધિવિધાન દિગંબર જૈનાચાર્ય શ્રી વસુબિન્દુ (અપરનામ શ્રી જયસેનાચાર્ય) પ્રણીત પ્રતિષ્ઠાપાઠના આધારે બિલકુલ શુદ્ધામ્નાયાનુસાર કરવામાં આવેલ હતા. આ પંચકલ્યાણક પ્રતિષ્ઠાની શાસ્ત્રોક્ત સમગ્ર વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીના અંતેવાસી પ્રતિષ્ઠાચાર્ય આત્માર્થી વિદ્વાન ભાઈશ્રી ચંદુલાલભાઈ ઝોબાળિયા (સોનગઢ), તથા પ્રતિષ્ઠાચાર્ય આત્માર્થી વિદ્વાન બ્રહ્મચારી વ્રજલાલભાઈ શાહ (વઢવાણ) દ્વારા કરાવવામાં આવી. વિભિન્ન વિધિવિધાનમાં શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી પ્રકાશભાઈ જૈન (મલાડ), શ્રી રમેશભાઈ મહેતા (સલાલ) અને શ્રી પ્રમોદભાઈ (ખંડવા)એ પણ કિંમતી સહયોગ આપ્યો હતો. પ્રતિષ્ઠાની સંપૂર્ણ શુદ્ધ શાસ્ત્રોક્ત વિધિ કુશળતાપૂર્વક તથા રોચક ઢંગથી કરાવવામાં ઉક્ત બન્ને બ્રહ્મચારી ભાઈઓએ જે અત્યંત સહૃદય પરિશ્રમ લીધો છે તે વિષયમાં જેટલું કહેવામાં આવે તેટલું ઓછું છે. તેમના દ્વારા પંચકલ્યાણકનાં વિધિવિધાન એકદમ સ્પષ્ટીકરણવાળી સરળ તથા સુગમ રોચક શૈલીથી સંપન્ન થયાં હતાં

આ પ્રતિષ્ઠા મહોત્સવમાં શ્રી શાંતિનાથ દિગંબર જૈનમંદિર-સુરેન્દ્રનગરના આગેવાનો તેમજ વઢવાણ, જોરાવરનગર, લીંબડીના મુમુક્ષુમંડળોએ પ્રતિષ્ઠાની વ્યવસ્થા વિગેરે કાર્યોમાં અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શ્રી સુરેન્દ્રનગર મુમુક્ષુમંડળ તરફથી મહેમાનોને રહેવાની, જમવાની તથા આવાગમનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. *❑*

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

**શ્રી સીમંધર-જિનમંદિર-અષ્ટાહ્નિક-મહોત્સવ :—**સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૬૮મો વાર્ષિક અષ્ટાહ્નિક ઉત્સવ તા. ૨-૩-૨૦૦૮, રવિવારથી તા. ૯-૩-૨૦૦૮, (ફાલ્ગુન સુદ ૨) રવિવાર સુધી છે. આ ઉત્સવ વીસ વિહરમાન જિનમંડલવિધાન, જિનેન્દ્રભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ વિભિન્ન કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :—**શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયના વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, સોમવાર, તા. ૧૦-૩-૨૦૦૮ થી તા. ૧૩-૩-૨૦૦૮ સુધી આનંદોલ્લાસસહ પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**ફાલ્ગુની નંદીશ્વરી-અષ્ટાહ્નિકા :—**સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલયમાં તા. ૧૪-૩-૨૦૦૮, શુક્રવારથી તા. ૨૧-૩-૨૦૦૮, શુક્રવાર સુધી ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા વગેરે કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**પરમાગમમંદિર-પ્રતિષ્ઠાતિથિ :—**ફાગણ સુદ ૧૩, મંગળવાર, તા. ૧૯-૩-૨૦૦૮ના દિવસે શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

### * કહાનગુરુ જન્મધામ ઉમરાળામાં શિલાન્યાસ મહોત્સવ સંપન્ન *

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પાવન જન્મભૂમિ ઉમરાળામાં તા. ૧૯-૧-૨૦૦૮ શનિવારના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન, સાધના, ઉપકાર અને પ્રભાવનાને ઉજાગર કરવાવાળા "ગુરુસ્મૃતિ તીર્થ" તથા "કહાનગુરુ અતિથિભવન"નો શિલાન્યાસ મહોત્સવ લગભગ ૫૦૦ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં સાનંદ સંપન્ન થયો.

## * સૌરાષ્ટ્રના લીંબડીનગરમાં વેદી પ્રતિષ્ઠા મહોત્સવ *

સૌરાષ્ટ્રના લીંબડી નગરમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના કરકમળોથી પ્રતિષ્ઠિત શ્રી પાર્શ્વનાથ દિગંબર જિનમંદિરમાં ઉપરના જિનાલયમાં દેવાધિદેવ શ્રી ચંદ્રપ્રભ ભગવાનનો વેદી પ્રતિષ્ઠા મહોત્સવ તથા મંગલ કલશ-ધ્વજારોહણ મહોત્સવ તા. ૨૮-૧-૨૦૦૮ સોમવારના રોજ અત્યંત ભક્તિ-ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં સેંકડો મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં સાનંદ સંપન્ન થયો. આ જ મંદિરમાં નૂતન નિર્માપિત અનેકવિધ ચિત્રપટોની અનાવરણવિધિ પણ અત્યંત ભક્તિભાવથી સંપન્ન થઈ.

શિલાન્યાસ મહોત્સવ, વેદી પ્રતિષ્ઠા મહોત્સવના સમગ્ર વિધિ-વિધાન દિગંબર જૈન શુદ્ધામ્નાયાનુસાર ખૂબજ રોચક રીતે બ્ર. શ્રી ચંદુભાઈ જોબાલિયા (સોનગઢ), બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહે (વઢવાણ) કરાવ્યા હતા તથા શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી પ્રકાશભાઈ જૈન (મલાડ), શ્રી રમેશભાઈ મહેતા (સલાલ) અને શ્રી પ્રમોદભાઈ (ખંડવા)એ સહયોગ આપ્યો હતો.

## મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પ્રતિકૃતિ (સ્ટેચ્યુ)ના અનાવરણનો કાર્યક્રમ

આપણા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પ્રભાવના ઉદયથી મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં શ્રીમતિ પ્રભાદેવી મહેશચંદ્ર જૈન પરિવાર દ્વારા નિર્માપિત શ્રી સીમંધર દર્શન જિનાયતનમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) તથા ચિત્રપટોનું અનાવરણ તેમજ જિનવાણી બિરાજમાન તથા કલશારોહણ આદિ વિવિધ મહોત્સવ તા. ૨૯-૨-૨૦૦૮ શુક્રવારથી તા. ૨-૩-૨૦૦૮ રવિવાર સુધી ત્રિદિવસીય મહોત્સવ શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન, પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો, ધાર્મિક શિક્ષણવર્ગ, ભક્તિ વગેરે અનેકવિધ ધાર્મિક અનુષ્ઠાનોપૂર્વક ઉજવવામાં આવશે. તો નિજાત્મકલ્યાણરૂપ મહોત્સવમાં આપ સર્વે મુમુક્ષુ અવશ્ય પધારશો.

## * તીર્થધામ સુવર્ણપુરી (સોનગઢ)ની વેબસાઈટનું ઉદ્‌ઘાટન *

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા પૂજ્ય બહેન શ્રી ચંપાબેનની સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી (સોનગઢ)ની વેબસાઈટ **WWW. Kanjiswami. Org** શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ વેબસાઈટનું ઉદ્‌ઘાટન તા. ૨૫-૧-૨૦૦૮ના રોજ રાત્રે ૯.૧૫વાગે સુરેન્દ્રનગરના પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા હજારો મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં શ્રી બિપિનભાઈ વાધર (જામનગર)ના વરદ્ હસ્તે ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવ્યું. આ વેબસાઈટ પરથી આપ પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રી, સુવર્ણપુરી તીર્થધામ, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો તથા સોનગઢથી પ્રકાશિત સત્સાહિત્ય વિષે માહિતી પ્રાપ્ત કરી શકશો.

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૬મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો "ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ" સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૬મીં વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૧-૪-૨૦૦૮ મંગળવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. "સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ ૨૮-૩-૨૦૦૮ શુક્રવારથી તા. ૧-૪-૨૦૦૮ મંગળવાર— પાંચદિવસ સુધી, શ્રી 'ચોસઠ ઋદ્ધિ મંડલ વિધાન પૂજા' પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચન, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહિનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણવર્ગ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ સમ્યક્ત્વ-જયંતી-મહોત્સવ તરીકે શ્રી ચુનીલાલ દેવચંદ કોઠારી હ. મીનાબેન અકલંકભાઈ કોઠારી (વડોદરા) દ્વારા અતિ આનંદોલ્લાસ સાથે સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

[ નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૯-૩-૨૦૦૮ રવિવારે સોનગઢમાં રાખવામાં આવેલ છે. ]

*નિમંત્રક*

*શ્રી ચુનીલાલ દેવચંદ કોઠારી*

*હ. મીનાબેન અકલંકભાઈ કોઠારી (વડોદરા)*

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૦૮
અંક-૬ * વર્ષ-૨

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# બાહ્ય પ્રતિકૂળતા આત્મશાંતિને ન રોકી શકે!

આત્મા ગમે તેવા સંયોગોમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરાં પ્રસંગો આવી પડે, દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો આકરો રોગ થઈ ગયો હોય, ક્ષુધા–તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરાં પ્રસંગ આવી પડે તો પણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી સકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટિ જીભથી કોટિ વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહીં એવી આકરી નરકની પીડા છે છતાં ત્યાં પણ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરા-હજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિ પ્રગટ કરી શકાય છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662